નાણા વિભાગના તા. ૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧થી ફીક્સ પગારમાં કરેલ પગાર વધારો રાજ્યની જીલ્લા શિક્ષણ સમિતિ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકના ફીક્સ પગારના વિદ્યાસહાયકોને લાગુ પાડવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૧૭/સીંગલફાઇલ-૫/ક.
સચિવાલય, ગાંધીનગર
તારીખ ૦૯/૦૮/૨૦૧૭

વંચાણે લીધા-

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૧૧/૦૬/૧૯૯૮નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૦૯૬/૩૦૫૦/૧૦૨૩(૯૮)/ક

(૨) નાણા વિભાગનો તારીખ ૧૬/૦૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: Khrch/2002/57/Z1

(૩) નાણા વિભાગનો તારીખ ૨૦/૧૦/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧

(૪) નાણા વિભાગનો તારીખ ૨૦/૧૦/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧

(૫) નાણા વિભાગનો તારીખ ૧૮/૦૧/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧

(૬) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની સીંગલ ફાઇલ ક્રમાંક: પ્રાશિનિ/નીતિ/સીંગલફાઇલ/૨૦૧૭/ક/૫ ઉપરની તારીખ ૨૭/૦૨/૨૦૧૭ની દરખાસ્ત

આમુખ:

રાજ્યની જીલ્લા શિક્ષણ સમિતિ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવા માટે વિદ્યા સહાયકની યોજના વંચાણે લીધેલ ક્રમાંક:(૧) ઉપરના આ વિભાગના તારીખ ૧૧/૦૬/૧૯૯૮ના ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૦૯૬/૩૦૫૦/૧૦૨૩(૯૮)/કથી અમલમાં મુકવામાં આવી હતી જે મુજબ રૂ. ૨૫૦૦/-ના ઉચ્ચક માનદવેતનથી વિદ્યાસહાયકોને નિમણૂંક આપવામાં આવી હતી.

૨. રાજ્ય સરકારની કરકસરની નીતિના ભાગરૂપે રાજ્ય સરકારની કચેરીઓમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગોમાં ૫(પાંચ) વર્ષ માટે ફીક્સ પગારથી સીધી ભરતીની નિમણૂંકો કરવાની નીતિ વંચાણે લીધેલ ક્રમાંક:(૨) ઉપરના નાણા વિભાગના તારીખ ૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: Khrch/2002/57/Z1થી અમલમાં મુકેલ છે અને પ્રતિ માસ ફીક્સ પગારની રકમ નક્કી કરવામાં આવેલ છે. ત્યાર બાદ, વંચાણે લીધેલ ક્રમાંક:(૩) અને (૪) ઉપરના નાણાં વિભાગના ઠરાવોથી પ્રતિ માસ ફીક્સ પગારની રકમમાં વધારો કરવામાં આવેલ છે.

૩. નાણાં વિભાગની ઉપર્યુક્ત ફીક્સ પગારની નીતિ બાદ વખતોવખત થયેલ પગાર વધારાનો લાભ રાજ્યની જીલ્લા શિક્ષણ સમિતિ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓના વિદ્યા સહાયકોને આપવામાં આવેલ છે.

૬. નાણા વિભાગના તારીખ ૧૮/૦૧/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧થી ફીક્સ પગારના દરમાં કરવામાં આવેલ વધારો આ વિભાગ હેઠળની જીલ્લા શિક્ષણ સમિતિ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓના વિદ્યા સહાયકોને આપવા માટેની મંજુરી મેળવવા બાબતે લીધેલ ક્રમાંક: (૬) ઉપરની નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની સીંગલ ફાઇલ ક્રમાંક પ્રાશિનિ/નીતિ/સીંગલફાઇલ/૨૦૧૩/૬/૫ ઉપર તારીખ ૨૭/૦૨/૨૦૧૩ની નોંધથી આ વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ છે.

<u>ઠરાવ:</u>

૧. રાજ્ય સરકાર દ્વારા પુખ્ત વિચારણાને અંતે, નાણાં વિભાગના તારીખ ૧૮/૦૧/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧થી ફીક્સ પગારના દરમાં કરવામાં આવેલ વધારા મુજબ હાલના રૂ. ૧૦,૦૦૦/-માં વધારો કરીને રૂ. ૧૬,૯૫૦/-નો વધારો [રૂ. ૭૮૦૦+૨૨૦૦+૧૦૦૦૦+૧૫૦૦=૧૧,૫૦૦ના સ્થાને સુધાર્યા મુજબની ફીક્સ પગાર રૂ. ૧૬,૯૫૦] આ વિભાગ હેઠળની જીલ્લા શિક્ષણ સમિતિ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓના વિદ્યા સહાયકોને લાગુ પાડવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. આ ઠરાવનો અમલ તારીખ ૦૧/૦૨/૨૦૧૩થી કરવાનો રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકવાળી ફાઇલ ઉપર સરકારશ્રીની તારીખ ૨૭/૦૭/૨૦૧૩ની મળેલ મંજુરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ. ટી. મંડોરા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ.

ક્રમાંક: પ્રાશિનિ/નીતિ/૨૦૧૩/૬/ ૩૩૩૪-૩૩૮૫
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. ૧૯/૮/૨૦૧૩

૨/- નકલ રવાના જાણ તથા શિ.વિ.ના ઉક્ત ઠરાવ અન્વયે જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

(ડૉ. એમ. આઇ. જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ, તમામ.